મહત્તમ : ૪૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૦ ટકા ● સાંજે ૨૬ ટકા
ગાંધીનગર તાપમાન

નગરજનોને ચોથા લોકડાઉનમાં યોગ્ય છૂટછાટ મળે તેવી અપેક્ષા

ગાંધીનગર, તા. ૧૭

કોરોનાને કારણે લંબાવેલા લોક ડાઉન ૪ ને લઈને શહેરીજનોને યોગ્ય છૂટછાટ મળે તેવી અપેક્ષા છે. આમ તો ગાંધીનગર હજુ પણ રેડ ઝોન હેઠળ આવે છે. અને અમુક સેક્ટર ને કન્ટેન્ટમેન્ટ વિસ્તાર જાહેર કરવામાં આવ્યા છે. આ પરિસ્થિતિમાં ખાસ મધ્યમ વર્ગીય પરિવાર તમામ ઘરમાં બેસીને કંટાળ્યા છે સાથે સાથે તેમના કામ ધંધા વગર તેમને હાલ ઘરનો ખર્ચ ઉઠાવવામાં તકલીફ પડી રહી છે. એક બાજુ ગરમી તો છે જ અને લોકડાઉનમાં ઘરે જ બેસીને તમામ બંધાયેલા હોય તેવું અનુભવી રહ્યા છે. આ ચોથું ૧૪ દિવસીય લોક ડાઉન ૩૧ મે સુધી ચાલશે. જેને લઈને નગરજનો ચિંતિત છે કે તેમને હવે ઘરની બહાર એટલીસ્ટ ચાલવાની રજા મળશે તો મળશે કે કેમ? આમ તો નગરની પ્રજા જાગૃત છે પરંતુ હવે તેઓ પણ ઈચ્છી રહી છે કે આ ચોથું લોક ડાઉન થોડી ઘણી છૂટછાટ સાથે જ આવે અને રેડ ઝોન કરાયેલા ગાંધીનગરને જો શક્ય હોય તો તેમાંથી મુક્ત કરવામાં આવે. આ ઉપરાંત બાળકોને સોસાયટી કે ઘરની બહાર રમવાની છૂટ મળે અને વૃદ્ધો તેમની રીતે ઘરની બહાર હરી ફરી શકે એવી છૂટછાટ મળે તો આ ગરમી સાથેની લોક ડાઉનની ગૂંગળામણમાંથી મુક્તિ મેળવી શકાય. તમામ શહેરીજનોને આશા છે કે આ ઉનાળામાં તેઓ કેરી, આઈસ્ક્રીમ કે ઉનાળાની સીઝનલ ચીજવસ્તુઓથી વંચિત ન રહે. ઉપરાંત સરકારી કે પ્રાઈવેટ ઓફિસો શરૂ થઈ જાય તો તેમને લાંબા રસ્તાના અંતર કાપીને ન જવું પડે.

સે-૩ સી કન્ટેન્ટમેન્ટ વિસ્તારના પોલીસ કર્મીઓનું વસાહતીઓ દ્વારા સન્માન

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર સેકટર-૩/સી માં કોરોના વાયરસના વધતાં પ્રકોપ સામે સાવચેતીના પગલાંના ભાગ રુપે સેકટર-૩/સી ને કન્ટેન્ટમેન્ટ વિસ્તાર જાહેર કરવામાં આવ્યો હતો. જેમાં ગાંધીનગર શહેર જિલ્લા પોલીસ વડા દ્વારા જે બંદોબસ્ત માટે શહેરની મહિલા તેમજ પુરુષ પોલીસને બંદોબસ્ત માટે નિયુક્ત કરવામાં આવ્યા હતાં તેમની ફરજો ના સમય દરમિયાન તેમના દ્વારા તમામ વસાહતીઓને આવર જવર કરવા માટે ફરજમાં આવતી સત્તા અને કડકાઈ સાથે તેમજ જૈનુલ કારણ હોય તેવાં સંજોગોમાં છુટછાટ આપી તમામ વસાહતીઓ સાથે સંતોષકારક ફરજો નિભાવવામાં આવી હતી .

આ કામગીરીને બિરદાવવા સેકટર-૩/સી વસાહતના ઉપપ્રમુખ યુસુફખાન પઠાણ, મંત્રી બળવંતભાઈ દરજી, વોર્ડ નં.૭ ના કોર્પોરેટર ઉર્મીલાબેન વર્મા સે-૩ સી તથા વિકાસભાઈ પટેલ નવરાત્રી સમિતિ સે-૩ સી ના પ્રમુખ, વસાહત મંડળના તમામ કારોબારી સભ્યો અને વસાહતીઓ દ્વારા સોશિયલ ડીસ્ટન્સ રાખી પોલીસ કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર બ્રહ્મ સમાજનું ગૌરવ

આજે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના જાહેર થયેલ પરિણામમાં ગાંધીનગરના જાણીતા વૈદ્ય રાકેશ ભટ્ટ અને વૈદ્ય સંગીતાબેનના દીકરી ખુશી રાકેશ ભટ્ટ ૮૧ % સાથે ઉતીર્ણ થયા છે. ગાંધીનગર બ્રહ્મ સમાજનું અને સ્વામિનારાયણ હાઈસ્કૂલનું ગૌરવ વધારવા બદલ ખુશીને સંસ્થા સાથે જોડાયેલા તમામ વતી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

આવતીકાલે સિવિલની બ્લડ બેન્ક ખાતે હેપ્પી યૂથ ક્લબ દ્વારા રક્તદાન શિબિરનું આયોજન

ગાંધીનગર, તા. ૧૭

લૉકડાઉનના કારણે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રક્તની અછત સર્જાઈ છે, આ સમયે સેવાભાવી નાગરિકોની ફરજ છે કે રક્તદાન કરીને આ અછતને પુરી કરે જેથી અણીના સમયે કોઈનો જીવ બચાવવા તે ઉપયોગી બને. આ શુભ હેતુથી આગામી તા.૧૯મી મે, મંગળવારે સવારે ૯ થી બપોરના ૧ વાગ્યા દરમ્યાન શહેરના સેવાભાવી યુવાનોની સંસ્થા હેપ્પી યુથ ક્લબ દ્વારા તેના સ્થાપના દિન નિમિત્તે ગાંધીનગર સિવિલ હોસ્પિટલની બ્લડ બેંકમાં સ્વૈચ્છિક રક્તદાન કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

હેપ્પી યૂથ ક્લબ આયોજિત રક્તદાન સેવા કાર્યમાં જોડાવા માંગતા રક્તદાતાઓએ પોતાના અગાઉથી નામ નોંધાવી દેવા જરૂરી છે જેથી તેમને સોશ્યલ ડિસ્ટન્સિંગ જળવાય તે રીતે સમય ફાળવવામાં અનુકૂળતા રહે. રક્તદાન કરવા માંગતા રક્તદાતાઓએ તેમના નામ હેપ્પી યૂથ ક્લબના રાજદીપસિંહ બિહોલાને તેમના મોબાઈલ નંબર ૮૪૬૦૪ ૮૨૬૭૬ પર અથવા સમીર રામીને મો.નં. ૯૯૨૪૪ ૪૬૬૪૫ પર વ્હોટ્સએપ મેસેજ કે કોલ કરીને નોંધાવવા જણાવાયું છે. રક્તદાતાઓએ તેમને ફાળવેલા સમયે જ સમયસર રક્તદાન કરવા આવી જવું અને માસ્ક ફરજિયાત પહેરવું તેમજ સોશ્યલ ડિસ્ટન્સ જાળવવું ફરજિયાત છે. સ્થળ પર દરેક રક્તદાતાનું પહેલા થર્મલ સ્કેનરથી ટેમ્પરેચર ચેક કરાશે અને સેનેટાઈઝરની સુવિધા પણ ઉપલબ્ધ હશે. રક્તદાતાને હેપ્પી યુથ ક્લબ દ્વારા શુભેચ્છા ભેટ અને બ્લડ બેંક દ્વારા પ્રમાણપત્ર આપી સન્માનવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે સિવિલ હોસ્પિટલમાં બ્લડ બેંક કોરોના કોવિડ-૧૯ વોર્ડથી દૂર અલગ જુના બિલ્ડિંગમાં છે જેના માટે રક્તદાતાઓએ ઘ-રોડ પરના દરવાજેથી પ્રવેશ મેળવવાનો રહેશે.

વાવોલમાં હેલ્થ સ્ક્રિનિંગ અને ઉકાળા વિતરણ સાથે કોરોના સામે લડત જારી

ગાંધીનગર, તા. ૧૭

વાવોલમાં કેટલાક કોરોના પોઝિટિવ કેસ સામે આવતા આરોગ્ય કેન્દ્ર દ્વારા વિવિધ સોસાયટીઓમાં નાગરિકોનું હેલ્થ સ્ક્રિનિંગ પણ શરૂ કરી દેવામાં આવ્યું છે જે અંતર્ગત આજે વાવોલની વિવિધ સોસાયટીઓમાં રહીશોનું થર્મો સ્કેનર ગન દ્વારા સ્ક્રિનિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ સપ્તાહે વાવોલની વધુ ચાર સોસાયટીમાં હેલ્થ સ્ક્રિનિંગ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વાવોલમાં જાગૃત રહીશો દ્વારા વિવિધ સોસાયટીઓમાં રોગ પ્રતિકારક શક્તિ વધારતા આયુર્વેદિક ઉકાળાનું વિતરણ પણ કરવામાં આવી રહ્યું છે.

સતત વધતા કોરોના સંક્રમણની ઝપેટમાં હવે જિલ્લાના ગામો પણ બાકાત નથી રહ્યા તાજેતરમાં વાવોલ ખાતે કોરોના પોઝિટિવ કેસો આવ્યા બાદ પંચાયત દ્વારા સાવચેતીના પગલા લેવામાં આવી રહ્યા છે. વાવોલ ગામ પંચાયતના સરપંચ નગીનભઈ નાડીયા, પંચાયત સદસ્યો અનિલભાઈ પટેલ, અજીતસિંહ ગોલ તથા રૂપાંગભાઈ ગજ્જર વગેરે સાથે ગ્રામસેવક જયેશભાઈ રાવલ તથા હેલ્થ વર્કર બહેનોના સહયોગથી વિવિધ સોસાયટીઓમાં રહીશોનું થર્મો સ્કેનર ગન દ્વારા સ્ક્રિનિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. તેમજ વડીલો અને નાની વયના બાળકોનુ વિશેષ કરીને ધ્યાન રાખવા અને બિનજરૂરી બહાર નહીં નીકળવા અપીલ કરવામાં આવી હતી. રહીશોના હેલ્થ સ્ક્રિનિંગ કાર્યક્રમ માટે સોસાયટીના પ્રમુખ તથા હોદ્દેદારોએ સહયોગ આપી રહ્યા છે. આ સાથે વાવોલની શાલિન-૫, મિહિર પાર્ક, માધવન એપાર્ટમેન્ટ, સંકલ્પ રોયલ બંગલો સહિત અન્ય સોસાયટીઓમાં પણ રોગ પ્રતિકારક શક્તિ વધારતા આયુર્વેદિક ઉકાળાનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યમાં પંચાયત સદસ્ય અજીતસિંહ ગોલ તથા રાકેશભાઈ જાની દ્વારા વ્યવસ્થા પૂરી પાડવામાં આવી હતી.

૧૮૧ અભયમની ટીમે ૫ વર્ષથી ગામમાં અલગ રહેતા પતિ-પત્નિનું સમાધાન કરાવ્યું

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર જિલ્લાના એક ગામમાં પતિ-પત્નિ છેલ્લા પાંચ વર્ષથી અલગ રહેતા હતા અને ગૃહકલેશ સતત ૨૦ વર્ષથી ચાલી રહ્યો હતો. ત્યારે ૧૮૧ અભયમ ટીમને એક જાગૃત નાગરીક દ્વારા કોલ મળતા પતિ-પત્નિને સમજાવટથી સમાધાન કરાવી મેળાપ કરાવ્યો હતો.

પ્રાપ્ત માહિતિ મુજબ ગાંધીનગર જિલ્લાના એક ગામમાં ગૃહકલેશને પગલે પત્નીને માર મારતો હતો. જેથી કંટાળી પતિ-પત્નિ અલગ થઈ ગયા હતા. એક જ ગામમાં બંન્ને અલગ રહેતા હતા. પતિ તેની પત્નિને જીવન જરુરીયાતનો સામાન દર મહિને પહોંચાડતો હતો. પરંતુ છેલ્લા ૬ દિવસથી પત્ની પતિના ઘરે આવતા હતા અને સાંજે પોતાના ઘરે પરત ફરતા હતા. ત્યારે હવે પત્નીને પતિ અને પરિવાર સાથે રહેવાની ઈચ્છા થતા તેણીએ તેના સાસુ અને પતિને આ અંગે જાણ કરી હતી.પરંતુ પતિએ પત્નીની ઈચ્છાનો અસ્વીકાર કર્યો હતો. જેથી બંન્ને વચ્ચે ઝઘડો થયો હતો અને પતિએ ઘરમાંથી પત્નીને કાઢી મુકી હતી અને ફરીથી અહી ન આવતા માટે જણાવ્યું હતું. આવા સંજોગોમાં પતિએ જણાવ્યું હતું કે પત્નીની માનસિક સ્થિતિ સારી નથી, એ વાત પત્નીએ પણ સ્વીકારી અને વારંવાર બોલ બોલ કરે છે. ઘરની નજીક રહેતા પાડોશીઓની વાતમાં આવી જઈને ઘરમાં ઝઘડા કરે છે. અનેકવાર સમાજના આગેવાનો દ્વારા પણ સમાધાનની પ્રક્રિયા બાદ પરિસ્થિતિ પહેલા જેવી થઈ જતી હતી. ત્યારે ૧૮૧ અભયમની ટીમે બંનેની સાચી સ્થિતિ જાણ્યા બાદ બંન્ને દામ્પત્યજીવન વિશે સમજાવ્યા હતા.ત્યારે બંને દંપતિ સાથે રહેવા માટે ઈચ્છા ધરાવતા હતા. ત્યારબાદ ટીમે વારાફરતી એકબીજા સાથે વાતચીત કરી હતી અને તેઓની તકલીફો જાણી સારા નરસાનો ભેદ સમજાવ્યો હતો. અભયમની ટીમના સભ્યોની મેરેથોન મથામણ બાદ પતિ-પત્નિ સમજાવટની વાત સ્વીકારી લેખિત બાંહેધરી લીધા બાદ લાંબા ગૃહકલેશનો અંત લાવી પતિ-પત્નિનો ટીમે સુખદ મેળાવ કરાવ્યો હતો. ત્યારબાદ ટીમનો પણ પરિવારજનોએ આભાર વ્યકત કર્યો હતો.

પિતરાઇ ભાઈ બહેને રામી-માળી સમાજનું ગૌરવ વધાર્યું

ગાંધીનગર, તા.૧૭

આજે ધોરણ-૧૨ના વિજ્ઞાન પ્રવાહનું બોર્ડની પરીક્ષાઓનું પરિણામ જાહેર થયું હતું જેમાં ગાંધીનગરના રામી-માળી સમાજના ફેનિલ સમીરકુમાર રામી અને વિશ્વા સંદીપકુમાર રામીએ "એ" ગ્રૂપમાં ૯૧.૪૨ પર્સંટાઈલ રેન્ક પ્રાપ્ત કરી સમાજનું ગૌરવ વધાર્યું છે.

ગાંધીનગરના વાવોલના શાલીન-૪ એપાર્ટમેંટ ખાતે રહેતા અને સેઠ સી. એમ. હાઈસ્કૂલના વિદ્યાર્થી ફેનિલ રામીએ વિજ્ઞાન પ્રવાહના "એ" ગ્રૂપમાં કુલ ૬૫૦માંથી ૪૮૨ ગુણ પ્રાપ્ત કર્યા છે જેમાં ગણિત, રસાયણશાસ્ત્ર અને ભૌતિક વિજ્ઞાનના મળીને ૨૨૬ ગુણ મેળવવા સાથે ૯૧.૪૨ પર્સંટાઈલ રેન્ક પ્રાપ્ત કર્યો છે. જ્યારે વાવોલની કેશવ પાર્ક સોસાયટી ખાતે રહેતી અને સ્વામિનારાયણ ગુરુકુળ સે-૨ ની વિદ્યાર્થીની વિશ્વા રામીએ વિજ્ઞાન પ્રવાહના "એ" ગ્રૂપમાં કુલ ૬૫૦માથી ૫૦૪ ગુણ પ્રાપ્ત કર્યા છે જેમાં ગણિત, રસાયણશાસ્ત્ર અને ભૌતિક વિજ્ઞાનના મળીને ૨૨૬ ગુણ મેળવવા સાથે તેણે પણ ૯૧.૪૨ પર્સંટાઈલ રેન્ક પ્રાપ્ત કર્યો છે. બંનેએ ગાંધીનગરના કિશોર ક્લાસીસ ખાતે ટ્યુશન પ્રાપ્ત કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે બંને એકબીજાના પિતરાઈ ભાઈ-બહેન થાય છે અને બંનેએ તેમના ઉત્કૃષ્ટ પરિણામ દ્વારા ગાંધીનગરના રામી-માળી સમાજ ઉપરાંત તેમના દેશકાંઠા રામી-માળી સમાજનું પણ ગૌરવ વધાર્યું છે. બંનેને પરિવારજનો, સમાજના સ્નેહીજનો તથા અગ્રણીઓએ અભિનંદન પાઠવ્યા છે.



ચિરવિદાય

- સ્વ. મનુભાઈ ભાઈચંદદાસ પંચાલ, ઉ.વ. ૭૬
- સ્વ. મંગુબેન રેવાભાઈ પરમાર, ઉ.વ. ૭૪
- સ્વ. ઠાકોર ભુરાભાઈ પોપટભાઈ, ઉ.વ. ૫૦
- સ્વ. બલજીન્દ્ર કૌર, ઉ.વ. ૬૭
- સ્વ. રતનબેન કાળુભાઈ લુહાર, ઉ.વ. ૧૮
- સ્વ. રસિલાબેન નરોત્તમભાઈ પંડયા, ઉ.વ. ૭૫

રક્તદાન પ્રવૃતિને વેગ મળે તે માટે રક્તદાતાઓને પ્રોત્સાહન આપતી નીતિ ઘડવી જરૂરી

અત્યંત ચેપી કોરોના મહામારીના કારણે રક્તદાન પ્રવૃતિમાં જબરદસ્ત ઓટ આવી છે : રક્તદાન શિબિરના આયોજન કરતી સંસ્થાઓ માથે શિબિર સ્થળની સલામતીની જવાબદારી થોપી દેવાને બદલે સરકારે એક 'બ્લડ ડોનેશન ઓથોરીટી' નિયત કરી તેમને મદદરૂપ થવું જોઈએ

ગાંધીનગર, તા. ૧૭

માનવીના શરીરમાં ઈશ્વરે રચેલી અનોખી રચનામાં રક્ત સંચારની પ્રક્રિયા એ એક અજોડ પ્રક્રિયા છે જે માનવીના અસ્તિત્વને જીવંત રાખે છે, જ્યાં સુધી તમારા દેહમાં રક્તસંચાર થતો રહે છે ત્યાં સુધી તમે તમારા અસ્તિત્વને માણી શકો છો. વળી, રક્ત સંચાર શરીરના દરેક અંગને પ્રાણવાયુ પૂરો પાડવાનું કર્યા કરે છે જેના કારણે માનવી સ્વસ્થ જીવન જીવી શકે છે એટલું જ નહીં પરંતુ શરીર ઈજા, બિમારી કે બિમારી ફેલાવતા વિષાણુઓ સામે લડત આપી શકે છે. આધુનિક યુગમાં માનવીએ વિજ્ઞાન ક્ષેત્રે ખૂબ પ્રગતિ કરી છે પરંતુ હજુ સુધી માનવી રક્ત બનાવી શક્યો નથી અને આ રકત માત્ર અને માત્ર ઈશ્વરે બનાવેલી દેહ સ્વરૂપ એકમાત્ર ફેક્ટરીમાં જ પેદા થાય છે. વળી, એક જ્યારે આ દેહ ફેક્ટરીમાં રક્તના પુરવઠાની અછત ઊભી થાય ત્યારે બહારથી અન્ય કોઈ પણ દેહ ફેક્ટરીનું રકત તેની પૂર્તિ નથી કરી શકતું બલ્કે જે રક્તનું ગ્રૂપ તથા અન્ય પરિબળો સમાન મળે ત્યારે તે સ્વીકારે છે. આ કારણે જ જ્યારે માનવ દેહમાં અકસ્માત કે અન્ય કારણોસર થયેલી ઈજા કે કોઈ સારવાર પ્રક્રિયા માટે રક્ત ઉમેરવાની જરૂર પડે ત્યારે રક્તદાતાએ આપેલ રક્તદાન થકી આપેલ રક્ત પુરવઠો જ એક માત્ર આધાર બની રહે છે. પરંતુ હાલ ફેલાયેલી અત્યંત ચેપી કોરોના મહામારીના કારણે રક્તદાન પ્રવૃતિમાં આવેલ જબરદસ્ત ઓટને કારણે બ્લડ બેંકોમાં રક્તની અછત વર્તાઈ રહી છે જેને પૂરી કરવા રક્તદાન શિબિરોના આયોજન માટે યોગ્ય નીતિ ઘડાય તે જરૂરી બનતું જાય છે.

રક્તદાન એ મહાદાન છે

તેવું આપણે વારંવાર કહીએ છીએ પરંતુ કોરોના મહામારીના આગમન પહેલા સામાન્ય સ્થિતિમાં પણ ખાસ કરીને ઉનાળાની ઋતુમાં તો રક્તના પુરવઠાની ખાસ ખેંચ વર્તાય છે. એક તરફ સમાજમાં પહેલેથી રક્તદાન પ્રત્યે ગેરસમજો અને ઉદાસીનતા ખૂબ પ્રવર્તે છે તેમાં હવે કોરોના વાઈરસ જેવી ચેપી મહામારીના સમયમાં સામાન્ય રક્તદાતા કોઈનું અણીના સમયે જીવન બચાવી શકતી આ અનોખી સેવા પ્રવૃતિથી વિમુખ થઈ જવા પામ્યો છે. સામાન્ય સંજોગોમાં અકસ્માતોની વધુ પડતી સંખ્યા ઉપરાંત થેલેસેમિયા, હિમોગ્લોબિનની ઉણપ જેવી ગંભીર બીમારીઓ અને ડાયાલીસીસ કે પ્રસૂતિ અથવા અન્ય મેજર સર્જરી જેવી સારવાર પ્રક્રિયામાં જરૂર પડતાં રક્ત પુરવઠાને પૂરો કરવા ઈંડિયન રેડક્રોસ સોસાયટી સહિતની અનેક સ્વૈચ્છિક સેવા સંસ્થાઓ કે બ્લડ બેન્ક પર સ્વૈચ્છીક રીતે રક્તદાન કરવા આવતા સેવાભાવી રક્તદાતાઓ પર જ મુખ્ય આધાર રાખવો પડે છે. તેમાં પણ કેટલાક બ્લડગ્રૂપ એવા હોય છે જે ખૂબ ઓછા માનવીઓમાં જોવા મળે છે ત્યારે તેવા બ્લડ ગ્રૂપની હમેશા ખેંચ વર્તાતી હોય છે. એક જાણકારી મુજબ સામાન્ય સંજોગોમાં દેશમાં વર્ષે દહાડે ૨૫૦સીસીની આશરે ચાર કરોડ જેટલી રક્ત બોટલની જરૂર પડે છે જેની સામે રક્તદાન થકી પાંચ લાખ જેટલી બોટલ જ પ્રાપ્ત થાય છે. આ કારણે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાતે થોડા સમય પૂર્વે દેશના વધુ ને વધુ યુવાનોને રક્તદાન પ્રવુતિમાં યોગદાન આપવા હાકલ પણ કરવી પડી હતી.

હાલ કોરોના મહામારીના પગલે દેશમાં લોકડાઉનની સ્થિતિ પ્રવર્તે છે તેથી અકસ્માતોની સંખ્યા ઘટી છે જેથી રક્ત પુરવઠાની માંગમાં આંશિક ઘટાડો જરૂર થયો છે પરંતુ હજુ પણ થેલેસેમિયા, હિમોગ્લોબિનની ઉણપ જેવી ગંભીર બીમારીઓ અને ડાયાલીસીસ કે પ્રસૂતિ અથવા અન્ય મેજર સર્જરી જેવી સારવાર પ્રક્રિયામાં જરૂર પડતાં રક્ત પુરવઠાને પૂરો કરવા રક્તની માંગ યથાવત છે. લોકડાઉન ખૂલ્યા બાદ અટકેલો વાહન વ્યવહાર અને અન્ય ગતિવિધિઓ પણ શરૂ થશે જેથી ફરી અકસ્માતો વધી શકે છે, અંગ પ્રત્યારોપણના ઓપરેશનો કે અન્ય મેજર સર્જરી પણ ફરી શરૂ થઈ જશે. આ સમયને પહોચી વળવા પર્યાપ્ત રક્ત પુરવઠો અત્યારે બ્લડ બેંકોમાં હોવા અંગે શંકા છે જેનું તાજું ઉદાહરણ એ છે કે ગાંધીનગરના ગત સપ્તાહે જ 'ઓ પોઝિટિવ' જેવા કોમન બ્લડગૃપના રક્તની જરૂર પડી ત્યારે સિવિલ હોસ્પિટલની બ્લડ બેન્કમાં તેનો પુરવઠો ઉપલબ્ધ નહોતો. પ્રવર્તમાન સમયમાં ફેલાયેલી અત્યંત ચેપી કોરોના મહામારીના કારણે રક્તદાન પ્રવૃતિમાં જબરદસ્ત ઓટ આવી છે જેને કારણે બ્લડ બેંકોમાં રક્તની અછત વર્તાઈ રહી છે. રક્તદાન પ્રવૃતિમાં ઓટ આવવાનું કારણ એક એ પણ છે કે જે સ્વૈચ્છિક સંસ્થાઓ નિયમિત રક્તદાન શિબિરના આયોજન કરે છે પૈકી કેટલીક સંસ્થાઓ વાઈરસ સંક્રમણનું જોખમ લેવા માંગતી નથી અને જે સંસ્થા આયોજન કરવાની હિમત કરે ત્યારે આ જોખમની જવાબદારી તેમના શિર પર લાદવામાં આવે છે. તાજેતરમાં આ પ્રકારનો અનુભવ ગાંધીનગરમાં રક્તદાન પ્રવૃતિમાં અગ્રેસર એવી ગૂંજ ફાઉન્ડેશન નામની સંસ્થાને થઈ ગયો છે. જો કે આ માટે રક્તદાન એકત્ર કરવાની સેવા આપતી બ્લડ બેંકના કર્મયોગીઓ જવાબદાર નથી કેમ કે તેઓ તો આરોગ્ય વિભાગે સૂચવેલા નોર્મ્સનું પાલન કરે અને પોતાના સ્ટાફની સલામતી ઈચ્છે તે સ્વાભાવિક છે પરંતુ જ્યારે કોઈ સંસ્થા કોઈના જીવન બચાવવામાં ઉપયોગી બની શકે તેવા રક્તદાન જેવા મહત્વના જરૂરી સેવાકાર્યનું આયોજન કરતી હોય ત્યારે તેને શહેર કે જિલ્લા વહીવટી તંત્ર, પોલીસ તંત્ર કે આરોગ્ય તંત્ર વગેરે દ્વારા સલામતી સામે ચાલીને પૂરી પડવાને બદલે તે બાબતે પરેશાની કે આયોજનમાં તકલીફ થાય તેવો વ્યવહાર કરવામાં આવે તો કોઈ સંસ્થા કેવી રીતે રક્તદાન શિબિરના આયોજન માટે હિમત કરશે, અને સરવાળે તેનું નુકસાન રક્તની જરૂરિયાતવાળા દર્દીને જ થશે. જો રક્તદાન શિબિરના આયોજકો જ આયોજન પ્રત્યે નિરુત્સાહી બનશે તો રક્ત પુરવઠો કેવી રીતે પ્રાપ્ત થશે.

હાલની સ્થિતિમાં અને ભવિષ્યમાં પણ હવે જરૂર પડનારી રક્ત પુરવઠાની રક્તની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને રકતદાન પ્રવૃતિને પ્રોત્સાહન મળે તે માટે સરકારે જ 'સિંગલ વિન્ડો' જેવી સિસ્ટમ થકી તેવી નીતિ ઘડવી જરૂરી બની છે જેમાં એક 'બ્લડ ડોનેશન ઓથોરીટી' નિયત કરવી જોઈએ જે આયોજક સંસ્થાઓને મદદરૂપ થાય. આ સિસ્ટમમાં રક્તદાન શિબિરનું આયોજન કરતી સંસ્થાને શિબિર સ્થળનું ફ્યુમિગેશન કે સેનેટાઈઝેશન કરવાની અને તેમને પર્યાપ્ત સંખ્યામાં ફેસમાસ્ક કે સેનેટાઈઝર તેમજ થર્મલ સ્કેનર વગેરેની સુવિધા તે જ નિયત બ્લડ ડોનેશન ઓથોરીટીએ જ પૂરી પાડવી જોઈએ. વળી, રક્તદાન કરી શકે તેવા વધુ ને વધુ રક્તદાતાઓને પ્રોત્સાહિત કરવા 'સ્માર્ટ કાર્ડ' જેવી સિસ્ટમ અમલમાં મૂકવી જોઈએ જેથી જ્યારે તેને પોતાને કે તેના પરિવારના અંગત સગાને રક્તની જરૂર પડે તો પોતે કરેલા રક્તદાનની સંખ્યા સામે માત્ર પ્રોસેસિંગ ચાર્જ ચૂકવી આસાનીથી રક્ત પુરવઠો મેળવી શકે. જો રક્તદાતાઓ રક્તદાન પ્રત્યે જ નિરુત્સાહી બનશે તો તબીબી સેવાઓને મોટો ફટકો પડશે તેથી સત્વરે રક્તદાનને પ્રોત્સાહન આપતી નીતિ સત્વરે ઘડવી જરૂરી જણાય છે.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com